પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૯૯ | ૧૯ જુન, ૨૦૨૨, રવિવાર; જયેષ્ઠ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# વડોદરામાં વિકાસનો વરસાદ

## વડોદરામાંથી સમગ્ર ગુજરાતને એક જ દિવસમાં રૂ. ૨૧ હજાર કરોડના વિકાસ કામોની ભેટ : ૨૧મી સદીમાં ભારતના ઝડપી વિકાસ માટે મહિલાઓના સર્વાંગી વિકાસ સાથે સશક્તિકરણ જરૂરી છે-પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી

વડોદરા, તા.૧૮
વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારપૂર્વક કહ્યું છે કે,




૨૧મી સદીમાં ભારતના ઝડપી વિકાસ માટે મહિલાઓના સર્વાંગી વિકાસ સાથે સશક્તિકરણ જરૂરી છે. મહિલાઓની આશા, અપેક્ષાઓ અને આકાંક્ષાઓને ધ્યાનમાં રાખીને તેમના માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી, નિર્ણયો કરી તેમના પસંદગીના ક્ષેત્રમાં કામ કરવાના તમામ દરવાજા ખોલી દીધા અને હવે અનેક નવા ક્ષેત્રો નારીશક્તિના દરવાજે દસ્તકો આપી રહી છે. ડબલ એન્જીનની સરકારના સુશાસનના છેલ્લા આઠ વર્ષમાં નારીશક્તિના સામર્થ્યને ભારતના વિકાસની ધૂરી બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ઉકત સંદર્ભમાં વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે, મહિલાલક્ષી યોજનાઓના અસરકારક અમલ દ્વારા મહિલાઓની સમસ્યાઓ ઓછી કરવામાં આવી છે. માતાઓ, બહેનો, દીકરીઓનું જીવન આસાન બને અને તેમને તમામ ક્ષેત્રમાં સમાન તક મળે એ બાબત અમારી સરકારની પ્રાથમિક્તા છે.



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં વડોદરામાં યોજાયેલ ગુજરાત ગૌરવ અભિયાન કાર્યક્રમમાં ગુજરાતમાં રેલવેના વિવિધ રૂ.૧૬,૩૬૯ કરોડના ૧૮ પ્રોજેક્ટનું લોકાર્પણ - ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન કરવા સાથે મધ્ય ગુજરાતના પાંચ જિલ્લામાં વિવિધ વિભાગોના રેલવે સહિતના કુલ રૂ.૨૧ હજાર કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન કર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સગર્ભાઓ તેમજ મહિલાઓના પોષણની કાળજી લઈને આરોગ્ય સાચવનારી મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ રાજ્ય સરકારની મુખ્યમંત્રી માતૃ શક્તિ યોજના અને રાજયના ૧૪ આદિજાતિ વિસ્તારોમાં પોષણ સુધા યોજનાનો શુભારંભ કરાવ્યો હતો. વડાપ્રધાનશ્રીના હસ્તે આ નવીત્તમ યોજનાના લાભાર્થીઓને પોષણ કિટનું વિતરણ કરવા સાથે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને તેમના ઘરની ચાવી અર્પણ કરવામાં આવી હતી.

વડાપ્રધાનશ્રીએ વડોદરા નજીક કુંઢેલામાં સ્થાપિત થનાર ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના પરિસર નિર્માણનો શિલાન્યાસ કરવા સાથે વડોદરા ખાતે દ્રઢૈંઇ કેમ્પસમાં આકાર લેનારી ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય ભવનના નિર્માણ સહિત વિવિધ રેલ પથ નિર્માણના કામોનો ઈ શિલાન્યાસ કર્યો હતો.

શ્રી મોદીએ જણાવ્યું કે, આજનો દિવસ મારા માટે માતૃવંદનાનો દિવસ છે. સવારે જન્મદાત્રી માતાના આશીર્વાદ લીધા બાદ પાવાગઢમાં જગતજનની મા મહાકાળીના આશીર્વાદ લીધા અને હવે મને પ્રચંડ માતૃશક્તિના દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું છે. મહાકાળી માતાજી પાસે મેં દેશની સુખ, શાંતિ

● અનુસંધાન પાન-૭ પર

## માતૃદેવો ભવઃ



એવુ કહેવાય છે કે ઈશ્વર બધે નથી પહોંચી શકતો એટલે તેણે ‘મા’નું સર્જન કર્યુ. દરેક મનુષ્યનુ જીવન માતાથી શરૂ થાય છે અને માતા માટે એનુ બાળક એટલે એનુ વિશ્વ... કવિ બોટાદકર ‘મા’ના ગુણગાન કહેતા કહે છે કે “મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે...’ માતા અજોડ છે... એની જોડ જડવી મુશ્કેલ છે. વ્યક્તિ ગમે તેટલો મોટો થઈ જાય, ગમે તે હોદ્દા પર પહોંચી જાય પરંતુ માતાના ચરણોમાં આવીને તે ફરીથી બાળક બની જાય છે.... માતાનુ સંતાન બની જાય છે... આવી જ લાગણી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પોતાના માતા પૂ. હીરાબાના ચરણોમાં આવીને અનુભવી... પૂ. હીરાબાના શતાયુ પ્રવેશના અવસરે વહેલી સવારે પૂ. હીરાબાને મળવા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના ચરણ પખાળીને આશિર્વાદ મેળવ્યા હતા. તેમના ચરણોમાં બેસી માતા-દીકરો જ્યારે વાતોએ વળગ્યા ત્યારે અદ્‌ભૂત દશ્યો સર્જાયા... લાગણીનો મેળો સર્જાયો...માતા હીરા બાના આજે ૧૦૦ માં જન્મદિને પીએમ મોદીએ તેમના બ્લોગમાં મા કે માતા શબ્દનો ઉલ્લેખ કર્યો છે. પીએમ મોદીએ બ્લોગમાં લખ્યું- મા કે માતા – શબ્દકોશમાં ફક્ત એક શબ્દ નથી. આ શબ્દમાં તમામ પ્રકારની લાગણીઓ સમાઈ જાય છે – પ્રેમ, ધૈર્ય, વિશ્વાસ વગેરે. દુનિયાભરમાં કોઈ પણ દેશ કે વિસ્તારમાં બાળકો તેમની માતા પ્રત્યે વિશેષ લાગણી ધરાવે છે. માતા તેના બાળકને જન્મ આપવાની સાથે તેમની પ્રથમ ગુરુ પણ છે. માતા બાળકના માનસનું, તેના વ્યક્તિત્વનું ઘડતર કરે છે અને તેને આત્મવિશ્વાસ આપે છે. આ પ્રક્રિયામાં માતા પોતાની અંગત જરૂરિયાતો અને આકાંક્ષાઓનો નિઃસ્વાર્થપણે ત્યાગ કરે છે. આજે હું બહુ ખુશ છું. મારી લાગણીને તમારી સાથે વહેંચતા વિશેષ આનંદ થાય છે કે, મારી માતા શ્રીમતી હીરાબા તેમના ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે.

તાત્કાલિક ઘરે બેઠા લોન
પર્સનલ • બિઝનેસ
મોર્ગેજ • વ્હિકલ • પ્રોપર્ટી
દરેક પ્રકારની લોન
આજેજ અમારી એપ ડાઉનલોડ / લોગઈન કરો.
www.cashbox365.com
Cash Box 365 INSTANT CASH
ANDROID APP ON Google play
Download on the App Store
Customer Care : 079-46002773, 6355371895

## ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી
### ગાંધીનગર જિલ્લા શાખા

પ્લોટ નં. ૫૭૮/એ/૪, વાસ્તુ નિર્માણ સોસાયટી, ગાંધીનગર

### વાર્ષિક સાધારણ સભાની સુચના

આથી સૂચના આપવામાં આવે છે કે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના આજીવન સભ્યોની ૧૭મી વાર્ષિક સાધારણ સભા ‘સ્ટાફ ટ્રેનીંગ સેન્ટર, સેક્ટર-૧૭, ચ-૫ સરકલ પાસે, ગાંધીનગર’ ખાતે તા. 3/૭/૨૦૨૨ના રોજ સવારના ૯ કલાકે નીચેના કામકાજ માટે યોજવામાં આવનાર છે. તો તમામ નોંધાયેલા આજીવન સભ્યોએ હાજર રહેવા વિનંતી છે.

**સામાન્ય કામકાજ**

૧. વર્ષ ૨૦૨૦-૨૧ની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવી.
૨. વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષના ઓડિટેડ હિસાબો સ્વીકારવા.
3. વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષની કામગીરીનો અહેવાલ રજૂ કરવો.
૪. પ્રમુખશ્રીની અનુમતિથી રજૂ થનાર અન્ય બાબતો.

સ્થળ : ગાંધીનગર — કારોબારી સમિતાના આદેશથી
તારીખ : ૧૮/૬/૨૦૨૨ — માનદ્ સેક્રેટરી

**નોંધ :**

(૧) આસ સાથે વર્ષ ૨૦૨૧-૨૨નો ઓડિટેડ હિસાબ આપને પહોંચાડવામાં આવે છે, તેમ છતાં કોઈ કારણસર કોઈને ન મળેલ હોય તો ઉપર જણાવેલ સરનામેથી મેળવી લેવા વિનંતી છે.
(૨) જો કોઈ સભ્યોને હિસાબો બાબતે કોઈ સ્પષ્ટીકરણ જોઈતું હોય તો તા. ૨૮/૬/૨૦૨૨ સુધીમાં ઉપર જણાવેલ સરનામે લેખિતમાં મોકલી આપવા જણાવવામાં આવે છે, જેથી જરૂરી સ્પષ્ટીકરણ કરી શકાય.
(3) રાજય શાખાની સત્તાવાર યાદીમાં જે આજીવન સભ્યોના નામો નોંધાયેલ હશે, તેઓને જ સભામાં પ્રવેશ આપવામાં આવશે. આથી સભ્યોએ આધાર કાર્ડ અથવા સરકાર માન્ય ફોટો ઓળખકાર્ડ સાથે લાવવાનું રહેશે.
(૪) કોરમના અભાવે મુલતવી રહેલ બેઠક અડધા કલાક પછી તે જ સ્થળે યોજવામાં આવશે. જેમાં થયેલા કામકાજ કાયદેસર ગણાશે.

કેન્સરના રોગોની નિયમિત ઓ.પી.ડી. માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે
Zydus Hospitals Cancer Centre
23 જુન, ગુરૂવારના રોજ
ડૉ. નહુષ ટહિલિયાણી
MD, DM
(મેડિકલ ઓન્કોલૉજી અને હિમેટોલૉજી)
તમામ પ્રકારની કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી અને આધુનિક “ઈમ્યુનોથેરાપી”ના નિષ્ણાંત
મહિનાના બીજા અને ચોથા ગુરૂવારે
ઉપલબ્ધ સારવાર
● મોંઢા અને ગળાના કેન્સર ● ફેફસાનાં કેન્સર ● સ્તન કેન્સર ● મગજમાં ગાંઠ ● આંતરડા તથા મળમાર્ગના કેન્સર ● લીવર, કીડની તથા પ્રોસ્ટેટ કેન્સર ● લોહીના કેન્સર (લ્યુકેમીયા, લીમ્ફોમા) ● ગર્ભાશયના મુખ અને અંડાશયના કેન્સર ● ચામડી, હાડકાના કેન્સર, સારકોમા
સાંજે 6.00 થી 8.00 કલાકે
માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
ઝાયડસ કેન્સર સેન્ટર ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
16g પ્રોટીન
₹30*/ 500 mL
અમૂલ ગોલ્ડ
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055/56/57
Amul The Taste of India

aashka HOSPITAL
NABH ACCREDITED
ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ રાહત દરે મેળવવા માટે વિશ્વસનીય નામ આશ્કા હોસ્પિટલ
નિ:શુલ્ક આરોગ્ય નિદાન સુપર સ્પેશિયાલિટી કેમ્પ
તારીખ - 26-06-2022, રવિવાર, સમય: 10 થી 1
સ્થળ - પહેલો માળ, ઓપીડી, આશ્કા હોસ્પિટલ, ગાંધીનગર
કાર્ડિયોલોજીસ્ટ - ડૉ. હસિત જોશી
જનરલ સર્જન - ડૉ. દેવેન્દ્ર પટેલ
ન્યૂરો એન્ડ સ્પાઇન સર્જન - ડૉ. રવિ ખેતાન
નેફ્રોલોજીસ્ટ - ડૉ. સૌરિન દલાલ
યુરોલોજીસ્ટ - ડૉ. ગૌરાંગ વાઘેલા
પ્લાસ્ટિક સર્જન - ડૉ. સોહિલ શાહ
ગેસ્ટ્રોએન્ટેરોલોજીસ્ટ - ડૉ. રાહુલ ભલગામી
જનરલ મેડિસિન (ક્રિટિકલ કેર ઇન્ટેન્સિવિસ્ટ) - ડૉ. દિપેશ ફટાણિયા
ઓર્થોપેડિક એન્ડ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન - ડૉ. ધવલ ગોસ્વામી
પિડીયાટ્રિશીયન (પિડીયાટ્રીક ક્રિટિકલ કેર ઇન્ટેન્સિવિસ્ટ) ડૉ. નિરવ પોતાના / ડૉ. મૌલિક કાપડિયા
24X7 તમામ મેડિકલ સારવાર અને ઈમરજન્સી સેવાઓ ૨૪ કલાક ઉપલબ્ધ
સરગાસણ અને રિલાયન્સ ચાર રસ્તા વચ્ચે, સરગાસણ,ગાંધીનગર - 382421, ગુજરાત
ઈમરજન્સી કોન્ટેક્ટ 7575007707 / 7575009000
પેશન્ટ કો ઓર્ડિનેટર 7575007705
અપોઈમેન્ટ બૂક કરવા માટે 7575006000 / 7575009366
રિસેપ્શન 9879752777
www.aashkahospitals.in aashkahospitals aashkahospitalsltd AashkaHospitals